જા.નં. નિઅને અસ/પીએ/અષણ-૫ /૧૬૯૬/૦૭.
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતું , ગુજરાત રાજય, વીંગ-બી,
ચોથેમાળ,કળષિભવન, પાલડી, અમદાવાદ.
ફોન નં.૨૬૫૭૭૩૮૨/૯૧ ફેકસ નં.૨૬૫૭૭૩૯૨
ઈમેઈલઃ exoff-agri-ahd@gutarat.hov.in
તારીખઃ-૬/૯ / ૦૭.

પ્રતિ,
સ્પે. ઓડિટર (મિલ્ક),
મિલ્ક ઓડિટ ઓફીસ,
તમામ.

વંચાણે લીધા : (૧) આ કચેરીના પરિપત્ર ક્રઃ નિ અને અસ/મીટીંગ/૨૨૨ તાઃ૨/૧૨/૮૨.
(૨) આ કચેરીના પરિપત્ર ક્રઃ નિ અને અસ/અષણ/૧/૨૧/૬૨૧/૮૭ તાઃ૬/૧૧/૮૭

વિષય : - ઓડીટ મેમાની સમીક્ષા કરવા બાબત...

નિરીક્ષણ અને અન્વેષણ સમિતિના નિયંત્રણ હેઠળની જિલ્લા કચેરીઓ તરફથી તેના મહેકમ ધ્વારા જે તે જિલ્લાની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ત્રિમાસિક, છ માસિક અને વાર્ષકિ ધોરણે ઓડીટ કરાવવામાં આવે છે. ઓડીટ મહેકમ ધ્વારા ઓડીટ પૂર્ણ કરી તેની ઓડીટ નોંધ જે તે મંડળીને સ્થળ ઉપર અને જે તે કચેરીને આપવામાં આવે છે. પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ઓડીટ પાછળનો મુખ્ય હેતુ મંડળીઓને માર્ગદર્શન મળે, તેની કામગીરીમાં સુધારો અને પ્રગતિ થાય. મંડળીના સભ્યોના હિતનું રક્ષણ થાય અને મંડળીમાં જો કોઈ ગેરવહીવટ થયેલ હોય તો સમયમર્યાદામાં તે ધ્યાન પર લાવી, ક્ષતિની પૂર્તતા કરી શકાય કે પગલાં લઈ શકાય તે માટેનો છે.

ઓડીટ મહેકમ ધ્વારા કરવામાં આવતું ઓડીટ માત્ર હિસાબી દૃષ્ટિએ જ નહીં, પરંતુ કાયદા-કાનુન, પેટા કાયદા, સભ્યોનું હિત અને હિસાબોની સત્યતા - આ તમામ બાબતો ચકાસી તે અંગે મંડળીને જરૂરી માર્ગદર્શન આપવાનું અને આ તમામ બાબતે કરવા યોગ્ય સૂચનો કરી, મંડળીના વહીવટ અંગે જિલ્લા કચેરીનું ધ્યાન દોરવાનું હોય છે. ઓડીટ મહેકમ ધ્વારા આ તમામ બાબતો ધ્યાને રાખી ઓડીટ કરવામાં આવે છે કે કેમ ? અને કાયદા-કાનુનનું તથા મંડળીના હિતને લક્ષમાં લેવામાં આવે છે કે કેમ ? તે બાબતોની ચકાસણી થાય તે માટે આવા ઓડીટ મહેકમ ધ્વારા કરવામાં આવેલ ઓડીટના જિલ્લા

કચેરીને મળેલ ઓડીટ મેમાની સમીક્ષા કરવાની પ્રથા અમલમાં છે.
અત્રેની કચેરી તરફથી જિલ્લા કચેરીની અવારનવારની મુલાકાતો અને કચેરી તપાસણી દરમિયાન ધ્યાન પર આવેલ છે કે, જિલ્લા કચેરી તરફથી ઓડીટ મેમાની સમીક્ષા કરવામાં આવે છે. પરંતુ મહદ્દઅંશે સમીક્ષા અંગેની પ્રશ્નાવલી ધરાવતું એક ચેકલીસ્ટ તૈયાર કરી ઓડીટ માટેના નિયત ફોર્મના આધારે માત્ર હા કે ના પાના ભરી સમીક્ષાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. આમ, માત્ર કામના નિકાલ પુરતી સમીક્ષા કરવાથી સમીક્ષાનો હેતુ સરતો નથી.

ઓડીટ નોંધની સમીક્ષા વખતે ઓડીટ માટે નિયત થયેલ ફોર્મ, માર્કશીટ, નિયત પત્રકો, સરવૈયાનું ખરાપણું, નફા-નુકસાન ખાતાની યોગ્યતા, ખર્ચની યોગ્યતા, ખર્ચ ધંધાને લગતા છે કે કેમ? મંડળી અને તેના ગ્રાહકો વચ્ચેના સંબંધો, દૂધની વધ / ઘટના આંકડા, ખાટુ/ હલકા દૂધની ટકાવારી અને તે આધારે નફાની ચકાસણી, સંઘ તરફથી બહાર પાડવામાં આવતા વખતોવખતના પરિપત્રો, ખાતાની સુચનાઓ, મંડળીનો પેટા કાયદો, સહકારી કાયદા અને કાનુનનો અમલ, મંડળીની કમિટી ધ્વારા કરવામાં આવતો વહીવટ અને ઠરાવોની યોગ્યતા અને કાયદેસરતાની ચકાસણી થયેલ છે કે કેમ ? મંડળી પાસે કોઈ સરકારી લેણું બાકી હોય તો તે અંગે ચકાસણી થયેલ છે કે કેમ ? મંડળીના તેના પોતાના કર્મચારીઓ પાસે બાકી લેણાની વસુલાત કે મંડળીને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ જો કોઈની પાસેથી વસુલાત કરવાની થતી હોય તો તેવા લેણાની વસુલાત કરવા માટે મંડળીએ યોગ્ય કાર્યવાહી કરેલ છે કે કેમ ? આમ, ઓડીટ વખતે આ તમામ બાબતો લક્ષમાં રાખી ઓડીટ નોંધ તૈયાર કરી મંડળીને યોગ્ય સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ છે કે કેમ? અને ખાસ અહેવાલ કરવાપાત્ર થતો હોય તેવા સંજોગોમાં ખાસ અહેવાલ કરેલ છે કે કેમ? આ તમામ બાબતો સમીક્ષા વખતે ચકાસણી થવી જોઈએ. જેથી ઓડીટ મહેકમ ધ્વારા રજુ થતા ઓડીટ અહેવાલની ઉપરોકત વિગતે સંપૂર્ણપણે ચકાસણી અને સમીક્ષા થાય તે જોવા તમામ સ્પે.ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસને જણાવવામાં આવે છે. આમ, સૂચવ્યા મુજબ સમીક્ષા કરી, ઓડીટ વર્ગીકરણનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની પ્રથા અપનાવવા સૂચના છે.

સામાન્ય રીતે જે તે જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના વહીવટ માટે તેની સભાસદ મંડળીઓના કમિટી સભ્યો પૈકીના જ સભ્યો આવતા હોય છે. આવા સંજોગોમાં આવા સભ્યોની કે જે મંડળીમાંથી તેઓ પ્રતિનિધિ તરીકે આવેલ હોય તે મંડળી તો આદર્શ અને નમુનારૂપ હોય તે બાબત જરૂરી અને આવકાર્ય ગણાય. જેથી આવી મંડળીઓની સમીક્ષા કર્યા બાદ તેના સારા કે નરસા પાસા અંગે જે તે જિલ્લા સંઘને પણ જાણ કરે. અને આવી મંડળીઓને ઉત્તમ બનાવવા માટે પ્રયત્નો કરી શકાય. જેથી આવી મંડળીઓની સમીક્ષા કર્યા બાદ તેની સમીક્ષા નોંધની નકલ ઓડીટ મેમા સાથે આ કચરીને મોકલી આપવા તમામ સ્પે.ઓડીટરશ્રી, મિલ્ક ઓડીટ ઓફીસને જણાવવામાં આવે છે.

જિલ્લા કચેરીઓ તરફથી અગાઉ કરવામાં આવતી સમીક્ષાની કામગીરી સંબંધે વંચાણે લીધેલ અ.નુ.નં.૧ અને ૨ના પરિપત્રોથી પણ ધ્યાન દોરી સમીક્ષાની કામગીરી સમયસર અને ગુણાત્મક રીતે થાય તે માટે જણાવવામાં આવેલ. આમછતાં તેનો ચુસ્તપણે અમલ થયેલ જણાતો નથી. જેથી હવે જિલ્લા કચેરીઓ તરફથી કરવામાં આવેલ ઓડીટ મેમાની સમીક્ષા કરવા ઉપરાંત જરૂર જણાયે આ કચેરી તરફથી પણ જિલ્લા કચેરીની મુલાકાત લઈ નમુનારૂપ સમીક્ષાની ચકાસણી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેથી સમીક્ષા અંગેનું રેકર્ડ પણ અદ્યતન રાખવા જણાવવામાં આવે છે.

આ પરિપત્રોનો અમલ અચૂકપણે કરવા અને પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવા વિનંતી છે.

મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતુ ગુ.રા.,અમદાવાદ.